આજની મેચ (પ્રથમ ક્વાર્ટર ફાઇનલ) **ફ્રાન્સ vs મોરોક્કો રાત્રે 1.30 વાગ્યે**

સ્વિટ્ઝર્લેન્ડ 72 વર્ષે ક્વાર્ટર ફાઈનલમાં

કોલંબિયા સામે ગોલ રહિત ડ્રો પછી પેનલ્ટી શૂટઆઉટમાં સ્વિટ્ઝર્લેન્ડ 4-3થી જીત્યું

1954માં પોતાની યજમાની પછી સ્વિટ્ઝર્લેન્ડ કદી વર્લ્ડકપમાં અંતિમ 16થી આગળ વધ્યું નહોતું

વાનકુવર, તા. 08 (એપી) : ફિફા વર્લ્ડકપની મંગળવારે રાત્રે અહીં રમાયેલી રાઉન્ડ ઓફ 16ની એક મેચ નિર્ધારિત સમયમાં ગોલરહિત ડ્રો બાદ પેનલ્ટી શૂટઆઉટમાં રુબેન વર્ગાસે પેનલ્ટીને ગોલમાં રૂપાંતરિત કરતા સ્વિટ્ઝલૅન્ડે કોલંબિયા પર 4-3થી વિજય મેળવીને 72 વર્ષે વર્લ્ડકપ ફૂટબોલ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું. સ્વિટ્ઝલૅન્ડ હવે શનિવારે મિઝોરીના કેન્સાસ સિટીના એરોહેડ સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનો સામનો કરશે. જેણે બે ગોલથી પાછળ રહીને શાનદાર વાપસી કરીને ઈજિપ્તને 3-2થી હરાવ્યું હતું.

1954માં ટુર્નામેન્ટની યજમાની કર્યા પછી સ્વિટ્ઝર્લેન્ડ ક્યારેય વર્લ્ડકપ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું નહોતુ. મંગળવારે, સ્વિસ ટીમ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં ત્રણ ગોલ કરનારા યુવા મિડફિલ્ડર જોહાન મઝામ્બી સોમવારે તાલીમ દરમિયાન ઈજાગ્રસ્ત થયા બાદ તેના વિના મેદાનમાં ઉતરી હતી. આ મેચમાં કોઈ રોમાંચનો અભાવ હતો. વધારાના સમય પછી પણ કોઈ પણ ટીમ ગોલ કરી શકી નહીં, પરંતુ સ્વિટ્ઝલૅન્ડનો સંયમ અંતે મહત્વપૂર્ણ સાબિત થયો. વર્લ્ડકપમાં બે ગોલ કરનાર વર્ગાસ સોમવારે સમગ્ર પ્રેક્ટિસ સત્રમાં ભાગ લીધો ન હતો પરંતુ મેચના બીજા હાફના ઈન્જરી ટાઈમમાં અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતર્યો હતો.

ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં 52,497 પ્રેક્ષકોમાંથી મોટાભાગના લોકોએ કોલંબિયાના સમર્થનમાં પીળો રંગ પહેર્યો હતો અને તેની વચ્ચે શૂટઆઉટમાં, કોલંબિયાના ડિફેન્ડર ડેવિન્સન સાંચેઝનો પેનલ્ટી શોટ ક્રોસબારમાં અથડાયો અને સ્વિટ્ઝલૅન્ડના ગોલકીપર ગ્રેગોર કોબેલે કુચો હર્નાન્ડેઝનો શોટ બચાવ્યો હતો.

સ્વિસ ટીમ છેલ્લા ત્રણ વર્લ્ડકપમાં અંતિમ 16માં પહોંચી હતી પરંતુ વધુ પ્રગતિ કરવામાં નિષ્ફળ રહી હતી. જ્યારે કોલંબિયા 2014માં બ્રાઝિલમાં રમાયેલા વર્લ્ડકપમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું હતું. આ મેચ બે અલગ અલગ રમત શૈલીઓ ધરાવતી બે ટીમો વચ્ચે ખૂબ જ રોમાંચક સ્પર્ધા હતી. સ્વિટ્ઝલૅન્ડ વધુ સંગઠિત અને ગણતરીપૂર્વક રમત રમી રહ્યું હતું, જ્યારે કોલંબિયા વધુ આક્રમક અને શારીરિક રમત રમી રહ્યું હતું. સ્વિટ્ઝલૅન્ડે બોલ પર વધુ નિયંત્રણ જાળવી રાખ્યું હતું. મેચમાં બંને ટીમોને કેટલીક તકો મળી પરંતુ તેઓ તેનો ફાયદો ઉઠાવી શક્યા નહીં.

વિમ્બલડન : મેરેથોન મેચ જીતી જોકોવિચ સેમી ફાઈનલમાં

જોકોવિચ-એલિયાસીમ વચ્ચેની 5.15 કલાક સુધી ચાલેલી મેચ વિમ્બલડનની સૌથી લાંબી ક્વાર્ટર ફાઇનલ બની

જોકોવિચે વિમ્બલડનમાં સતત આઠમી સેમી ફાઇનલમાં પ્રવેશી રોજર ફેડરરનો રેકોર્ડ તોડ્યો

લંડન, તા. 08 (એપી) : વિમ્બલડનમાં મંગળવારની રાત્રે સેન્ટર કોર્ટ પર રમાયેલી પાંચ કલાકથી વધુ ચાલેલી મેરેથોન મેચમાં 39 વર્ષના નોવાક જોકોવિચે તેની ઉર્જા, જુસ્સો અને ફિટનેસનો મજબૂત પુરાવો આપતા ફેલિક્સ ઓગર-એલિયાસીમને પાંચ સેટની લડતમાં હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

જોકોવિચે મંગળવારે 25 વર્ષીય કેનેડિયન ઓગર-એલિયાસીમને 7-6, 3-6, 6-3, 6-7, 7-6થી હરાવીને ડિફેન્ડિંગ ચેમ્પિયન યાનિક સિનર સામે રોમાંચક સેમી ફાઈનલ મુકાબલો પાકો કર્યો છે. પાંચ કલાક અને 15 મિનિટ સુધી ચાલેલી આ મેચ વિમ્બલડન ઈતિહાસની સૌથી લાંબી ક્વાર્ટર-ફાઈનલ બની હતી. આ સાથે જ જોકોવિચે સતત આઠમી વખત સેમી ફાઈનલમાં પહોંચીને ગ્રાસ-કોર્ટ ટુર્નામેન્ટમાં સતત સૌથી વધુ પુરુષોની સિંગલ્સ સેમીફાઈનલમાં પહોંચવાનો રોજર ફેડરરનો રેકોર્ડ તોડ્યો હતો.

ત્રીજી ટી-20માં ભારતીય ટીમની ઈંગ્લેન્ડ સામે સૌથી મોટી હાર

ઈંગ્લેન્ડના ઝડપી બોલરો સામે ફરી એકવાર ભારતીય બેટિંગનું પતન થતાં માત્ર 76 રનમાં ઓલઆઉટ, ઈંગ્લેન્ડ 125 રનથી મેચ જીત્યું

નોટિંઘમ, તા. 08 (પીટીઆઈ) : પાંચ મેચની સીરિઝની ગઈકાલે મંગળવારે રાત્રે અહીં રમાયેલી ત્રીજી ટી-20માં આઈપીએલ સ્ટાર ભારતીય બેટ્સમેનો ઈંગ્લેન્ડના ઝડપી બોલરો જોફ્રા આર્ચર અને જોશ ટંગ સામે માત્ર 11.4 ઓવરમાં 76 રને ઓલઆઉટ થતાં ટી-20 વર્લ્ડ ચેમ્પિયન ટીમને 125 રનથી સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો હતો. આ ભારતનો ટી-20માં રનની દૃષ્ટિએ સૌથી શરમજનક પરાજય હતો અને ફક્ત ચાર બેટ્સમેન જ બે આંકડા સુધી પહોંચી શક્યા હતા. ભારતે પાંચ ઓવરમાં 52 રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ભારતીય બેટ્સમેનોએ બેજવાબદાર શોટ રમ્યા અને જીત માટે કોઈ પ્રયાસ કર્યો નહીં. આ મેચમાં આર્ચરે ત્રણ ઓવરમાં 29 રન આપીને ત્રણ વિકેટ લીધી, જ્યારે ટંગે ચાર ઓવરમાં 28 રન આપીને ચાર વિકેટ લીધી હતી.

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
સોલ્ટ કો.અર્શદીપ બો.અક્ષર	70	44	7	3
બટલર બો.પ્રિન્સ	36	21	4	2
બ્રુક કો.અભિષેક બો.પ્રિન્સ	16	12	1	0
બેથલ કો.વૈભવ બો.હર્ષિત	13	9	2	0
બેન્ટન કો.વરુણ બો.હર્ષિત	0	1	0	0
કરન નોટઆઉટ	41	24	4	0
જેક્સ રનઆઉટ	14	7	0	2
આર્ચર રનઆઉટ	5	2	1	0
ડાઉસન નોટઆઉટ	0	0	0	0
વધારાના	6			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	201			

વિકેટપતન : 1-43, 2-71, 3-111, 4-111, 5-158, 6-193, 7-199

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	4	1	36	0
હર્ષિત રાણા	4	0	40	2
અક્ષર પટેલ	4	0	49	1
પ્રિન્સ યાદવ	4	0	30	2
શિવમ દુબે	1	0	10	0
વરુણ ચક્રવર્તી	3	0	35	0

ભારત	રન	બોલ	4	6
અભિષેક કો.સોલ્ટ બો.ટંગ	10	7	0	1
વૈભવ કો.બટલર બો.આર્ચર	13	5	0	2
કિશન કો.બેથલ બો.ટંગ	13	9	1	1
શ્રેયસ કો.બેથલ બો.આર્ચર	5	4	1	0
અક્ષર કો.બટલર બો.આર્ચર	10	4	1	1
તિલક સ્ટ.બટલર બો.જેક્સ	3	11	0	0
હર્ષિત કો.બેન્ટન બો.ટંગ	9	13	1	0
દુબે કો.બટલર બો.ટંગ	2	4	0	0
અર્શદીપ કો.બટલર બો.રશિદ	4	4	0	0
વરુણ બો.રશિદ	5	7	1	0
પ્રિન્સ નોટઆઉટ	2	2	0	0
વધારાના	0			
કુલ (11.4 ઓવરમાં ઓલઆઉટ)	76			

વિકેટપતન : 1-23, 2-29, 3-41, 4-41, 5-52, 6-60, 7-63, 8-68, 9-70, 10-76

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	3	0	29	3
જોશ ટંગ	4	0	28	4
વિલ જેક્સ	2	0	5	1
આદિલ રશીદ	2.4	0	14	2

નોટિંઘમમાં 125 રનનો પરાજય ટી-20માં ભારતનો સૌથી મોટો પરાજય

નોટિંગહામ ખાતે ભારતનો 125 રનના માર્જિનથી પરાજય પુરુષોની ટી-20 ઇન્ટરનેશનલમાં 100 કે તેથી વધુ રનથી પ્રથમ પરાજય બન્યો હતો. આ પહેલાનો સૌથી મોટો પરાજય 2019માં ન્યુઝીલેન્ડ સામે 80 રનથી થયો હતો. ૧૨૫ રનનો આ વિજય ઈંગ્લેન્ડનો પુરુષોની ટી-20 ઇન્ટરનેશનલમાં રનોની દૃષ્ટિએ ત્રીજો સૌથી મોટો વિજય પણ છે.

ટી-20માં રનની દૃષ્ટિએ ભારતની સૌથી મોટી હાર

હરીફ ટીમ	સ્થળ	લક્ષ્યાંક	સ્કોર	હારનો માર્જીન	વર્ષ
ઈંગ્લેન્ડ	નોટિંઘમ	202 રન	76 રન	125 રન	2026
ન્યુઝીલેન્ડ	વેલિંગ્ટન	220 રન	139 રન	80 રન	2019
દક્ષિણ આફ્રિકા	અમદાવાદ	188 રન	111 રન	76 રન	2026
દક્ષિણ આફ્રિકા	ચંદીગઢ	214 રન	162 રન	51 રન	2025
ન્યૂઝીલેન્ડ	વિશાખાપટ્ટનમ	216 રન	165 રન	50 રન	2026

ઇંગ્લેન્ડ સામે 76 રનમાં ઓલઆઉટ ભારતનો ટી-20માં બીજો સૌથી નિમ્ન સ્કોર

ઈંગ્લેન્ડ સામે 76 રનમાં ઓલઆઉટ થવાનો ભારતનો સ્કોર પુરુષોની ટી૨૦ ઇન્ટરનેશનલ મેચમાં તેમનો બીજો સૌથી ઓછો સ્કોર છે. 2008માં એમસીજી ખાતે ઓસ્ટ્રેલિયા સામે ભારતનો સૌથી ઓછો 74 રને ઓલઆઉટ સ્કોર છે. ભારતનો કુલ 76 રન ઈંગ્લેન્ડમાં પુરુષોની T20માં કોઈપણ ટીમ દ્વારા બનાવેલ સૌથી ઓછો રન છે.

ટી-20માં ભારતનો સૌથી નિમ્ન સ્કોર

હરીફ ટીમ	સ્થળ	સ્કોર	ઓવર	વર્ષ
ઓસ્ટ્રેલિયા	મેલબોર્ન	74	17.3	2008
ઈંગ્લેન્ડ	નોટિંઘમ	76	11.4	2026
ન્યૂઝીલેન્ડ	નાગપુર	79	18.1	2016
શ્રીલંકા	કોલંબો	81/8	20	2021
દક્ષિણ આફ્રિકા	કટક	92	17.2	2015

ઓવરની દૃષ્ટિએ ભારતની સૌથી ટૂંકી ઇનિંગ

હરીફ ટીમ	સ્કોર	ઓવર	સ્થળ	વર્ષ
ઈંગ્લેન્ડ	76	11.4	નોટિંઘમ	2026
દક્ષિણ આફ્રિકા	92	17.2	કટક	2015
ઓસ્ટ્રેલિયા	74	17.3	મેલબોર્ન	2008
ઓસ્ટ્રેલિયા	135	17.4	બ્રિજટાઉન	2010
ન્યૂઝીલેન્ડ	79	18.1	નાગપુર	2016

આર્જેન્ટીના, સ્પેન, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ અંતિમ આઠમાં સુપર પાવર્સનો જંગ

ચાર ટોચની ટીમમાં ટાઇટલ જીતવા માટે 2-1ના રેશિયો સાથે ફ્રાન્સ સૌથી મજબૂત ટીમ

સ્પેન અને આર્જેન્ટીના 3.5-1ના રેશિયો સાથે અને ઈંગ્લેન્ડ 4.5-1ના રેશિયા સાથે રેસમાં

ન્યૂયોર્ક, તા. 08 (AP) : ફૂટબોલના મહાકુંભ વર્લ્ડકપમાં હવે માત્ર આઠ ટીમો બચી છે. અને અંતિમ આઠ અર્થાત ક્વાર્ટર ફાઈનલના જંગમાં ફિફાના પ્રી-ટૂર્નામેન્ટ રેન્કિંગની ટોચની ચાર ટીમો અને અન્ય બે ટોપ-10 ટીમો સામેલ છે. આ તમામમાં હાલમાં ફ્રાન્સ સૌથી મજબૂત ટીમ દેખાઈ રહી છે અને તે ટાઈટલ જીતવા માટે 2-1ના રેશિયો સાથે ફેવરિટ છે. ત્યારબાદ સ્પેન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના 3.5-1 (7-2) અને ઈંગ્લેન્ડ 4.5-1 (9-2) ના રેશિયો સાથે રેસમાં છે. નોર્વેની જીતવાની સંભાવના 14-1 છે, જ્યારે બેલ્જિયમ, સ્વિટ્ઝર્લેન્ડ અને મોરોક્કો 28-1ના રેશિયો પર છે.

ફ્રાન્સ વિરુદ્ધ મોરોક્કો

ફ્રાન્સે નોકઆઉટ સ્ટેજના પ્રારંભમાં સ્વીડનને 3-0થી હરાવ્યું હતું. કિલિયન એમ્બાપ્પેએ પેરાગ્વે સામેની રોમાંચક મેચમાં 1-0ની જીતમાં પોતાનો 19મો વર્લ્ડકપ ગોલ નોંધાવ્યો હતો. બીજી તરફ, મોરોક્કોએ તેની શરૂઆતની મેચ બ્રાઝિલ સાથે ડ્રો કરી હતી, ત્યારબાદ નેધરલેન્ડ્સને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું અને ખરાબ શરૂઆત બાદ શાનદાર વાપસી કરીને સહ-યજમાન કેનેડાને માત આપી અહીં પહોંચ્યું છે.

સ્પેન વિરુદ્ધ બેલ્જિયમ

ટૂર્નામેન્ટની શરૂઆતમાં કેપ વર્ડે સામે આશ્ચર્યજનક ડ્રો મેચે સ્પેનને કપરી મેચો રમવા માટે તૈયાર કરી દીધું હતું. સ્પેને ઉરુગ્વેને 1-0થી હરાવ્યું, અને રાઉન્ડ-ઓફ-32માં ઓસ્ટ્રિયાને 3-0થી આસાનીથી હરાવ્યા બાદ, મિકેલ મેરિનોના સ્ટોપેજ ટાઈમના ગોલની મદદથી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પોર્ટુગલ ટીમને હરાવી હતી. બેલ્જિયમની વાત કરીએ તો, તેઓ રેગ્યુલેશન ટાઈમમાં પાંચ મિનિટ બાકી હોવા છતાં બે ગોલથી પાછળ હતા, પરંતુ ત્યાંથી શાનદાર વાપસી કરીને સેનેગલને હરાવ્યું. ત્યારબાદ સિએટલમાં અમેરિકાને હરાવ્યું હતું આ મેચમાં સ્પેન ફેવરિટ છે.

નોર્વે વિરુદ્ધ ઈંગ્લેન્ડ

આ ટૂર્નામેન્ટની સૌથી રોમાંચક અને અણધારી સ્ટોરી નોર્વેની છે. અર્લિંગ હાલેન્ડના નેતૃત્વમાં ફેન્સ અને ખેલાડીઓ સમગ્ર અમેરિકામાં 'વાઈકિંગ રો' કરી રહ્યા છે અને દેશમાં પણ ભારે ઉત્સાહ છે. હાલેન્ડે તેના છઠ્ઠા અને સાતમા ગોલની મદદથી પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલને હરાવીને નોર્વેને ઈતિહાસમાં પ્રથમ વખત વર્લ્ડકપની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચાડ્યું છે. બીજી તરફ, ઈંગ્લેન્ડે મેક્સિકોને રાઉન્ડ-ઓફ-16 ના રોમાંચક મુકાબલામાં હરાવ્યું હતું.

આર્જેન્ટિના વિરુદ્ધ સ્વિટ્ઝર્લેન્ડ

લિયોનલ મેસી આ વર્ષે આઠ ગોલ સાથે સૌથી આગળ છે અને તેણે તેના શાનદાર કરિયરમાં વર્લ્ડકપના ઈતિહાસમાં સૌથી વધુ 21 ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. મંગળવારે રમાયેલી એક યાદગાર મેચમાં આર્જેન્ટિના ઈજિપ્ત સામે 2-0થી પાછળ હતું, પરંતુ મેસીએ શાનદાર ગોલ કરીને ટીમને 3-2થી જીત અપાવી હતી. સામે પક્ષે, સ્વિટ્ઝર્લેન્ડે પાંચ મેચમાં માત્ર 9ગોલ કર્યા છે અને તેઓ આગળ વધવા માટે તેમની મજબૂત ડિફેન્સિવ શૈલી પર નિર્ભર છે.

ફેરી, ઝ્વેરેવ, નોસ્કોવા અને કોસ્ટયુક વિમ્બલડન સેમીમાં

લંડન, તા. 08 એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને આર્થર ફેરી અનુક્રમે ફ્લેવિયો કોબોલી અને ટેલર ફ્રિટ્ઝને હરાવીને તેમના પ્રથમ વિમ્બલડન સેમિફાઈનલમાં પહોંચ્યા. અગાઉ, લિન્ડા નોસ્કોવા અને માર્ટા કોસ્ટ્યુકે એલિસ મેર્ટેન્સ અને જાસ્મીન પાઓલિનીને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

પુરુષ સિંગલ્સમાં ઝ્વેરેવે ટેલર ફ્રિટ્ઝ સામે 6-4, 6-4, 6-2થી જીત મેળવીને પોતાની કેરિયરમાં પહેલીવાર સેમી ફાઈનલમાં પ્રવેશ્યો હતો, આ તરફ ફેરીએ કોબોલીને 6-4, 7-6, 6-0થી હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જ્યારે મહિલા સિંગલ્સમાં લિન્ડા નોસ્કોવા એલિસ મર્ટેન્સ સામે 6-3, 7-5 થી વિજય મેળવીને અંતિમ ચારમાં પહોંચી હતી, જ્યારે જેસ્મિન પાઓલિનીને 6-3, 6-2થી હરાવીને કોસ્ટયુકે પહેલીવાર વિમ્બલડન ખાતે સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

આજે ચોથી ટી-20

ભારતની નજર સીરિઝ બચાવવા પર

સંજૂ સેમસનની પ્લેઈંગ ઇલેવનમાં વાપસી થવાની સંભાવના, તેને સમાવવા તિલક વર્માને બહાર કરાશે

રાત્રે 10.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બ્રિસ્ટલ, તા. 08 (પીટીઆઈ) : પાંચ મેચની સીરિઝની પહેલી મેચ વરસાદે ધોઈ નાંખ્યા પછી સતત બે મેચ હાર્યા બાદ, શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમ આવતીકાલે ગુરુવારે અહીં સીરિઝ માટે નિર્ણાયક એવી ચોથી ટી-20 ઈન્ટરનેશનલમાં ઈંગ્લેન્ડ સામે મેદાને ઉતરશે ત્યારે તેમની નજર સીરિઝ બચાવવા પર રહેશે, જો કે ભારતીય ટીમ મેનેજમેન્ટે ખેલાડીઓની પસંદગી માટે મુશ્કેલ પડકારોનો સામનો પણ કરવો પડશે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડની મુશ્કેલ પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવા માટે સંઘર્ષ કરી રહી છે અને જો તે આ મેચ હારી જશે તો તે સીરિઝ પણ ગુમાવશે.

ટીમ પસંદગી અંગેનો સૌથી મોટો પ્રશ્ન સંજુ સેમસનનો છે. 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીને તક આપવા તેને બીજી અને ત્રીજી ટી-20માંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. આ યુવા ખેલાડીનું પ્રદર્શન અત્યાર સુધી ટીમના બાકીના ખેલાડીઓ કરતાં ખરાબ કે સારું રહ્યું નથી. ટીમ હાલમાં 0-2થી પાછળ હોવાથી, ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સેમસનની વાપસીની શક્યતાને નકારી નથી. છેલ્લા ચાર મહિનામાં સંજુની કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. તે થોડા સમય માટે ટીમની બહાર હતો, પછી કેટલાક પ્રભાવશાળી પ્રદર્શન સાથે ટીમમાં પાછો ફર્યો, પરંતુ હવે તેને ફરીથી બહાર બેસવું પડ્યું છે. ટીમના નબળા પ્રદર્શનની જવાબદારી ફક્ત પોતાની વાપસી શ્રેણીમાં અચાનક કેપ્ટન તરીકે નિમણૂક થયા પછી પોતાની પહેલી જીતની શોધમાં રહેલા કેપ્ટન શ્રેયસ પર નથી. કોચ ગૌતમ ગંભીર અને અજિત અગરકરની પસંદગી સમિતિ પણ નોંધપાત્ર જવાબદારી ધરાવે છે. ટીમ મેનેજમેન્ટની વ્યૂહરચનાઓની પણ ટીકા થઈ રહી છે.

2028 ઓલિમ્પિક્સમાં રશિયાની વાપસીનો માર્ગ સરળ બન્યો

IOCએ રશિયન ઓલિમ્પિક્સ કમિટિનું સસ્પેન્શનલ કામચલાઉ ધોરણે હટાવી દીધું

ઓલિમ્પિક્સ પ્રતિબંધો IOC દ્વારા હળવા કરાતા ક્રેમલિને મહત્વપૂર્ણ પગલું ગણાવી પ્રશંસા કરી

જીનેવા તા. 08 (એપી) : રશિયા 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં તેના રાષ્ટ્રધ્વજ અને ગીત સાથે સંપૂર્ણ ટીમ રાખવાની દિશામાં આગળ વધ્યુ છે. મંગળવારે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટીએ રશિયન ઓલિમ્પિક્સ સમિતિનું સસ્પેન્શન કામચલાઉ ધોરણે હટાવી દીધું હતું અને ઓલિમ્પિક્સ રમત સંસ્થાઓને ત્રણ વર્ષના કાર્યક્રમનો અંત લાવવા સલાહ આપી હતી જ્યાં રશિયન રમતવીરોને તટસ્થ તરીકે સ્પર્ધા કરવાની પરવાનગી માટે ચકાસણી કરવી પડતી હતી.

આઈઓસીએ કહ્યું કે આ સમય એટલા માટે હતો કારણ કે LA ગેમ્સ માટે ક્વોલિફાઈંગ ઈવેન્ટ્સ શરૂ થઈ રહી છે, અને બધા રમતવીરોને આ સ્પર્ધાઓમાં સમાન પ્રવેશ આપવાની જરૂર છે. ટીમ સ્પોર્ટ્સમાં રશિયાના પુનરાગમનનો સંકેત આપતું આ પગલું અપેક્ષિત હતું કારણ કે આઈઓસીએ બે મહિના પહેલા સલાહ આપી હતી કે 2022 માં યુક્રેન પર લશ્કરી આક્રમણ શરૂ થયું ત્યારે રશિયાના સાથી એવા બેલારુસના રમતવીરોને ફરીથી તેમની સંપૂર્ણ રાષ્ટ્રીય ઓળખ સાથે સ્પર્ધા કરવાની મંજૂરી આપવી જોઈએ. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે બુધવારે પત્રકારોને જણાવ્યું હતું કે, અમારા રમતવીરોના આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવાના કાયદેસર અધિકારોને પુનઃસ્થાપિત કરવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.

સુડોકુ ૪૯૭૯ - 'કૃતિ'

૧		૯	૪			૭		૫
૨	૭		૫	૯	૬	૮		
૪	૮		૭	૧		૨		૯
૬		૮			૨		૫	૭
૯		૪				૧	૨	
		૭	૧		૪	૯	૮	
૫		૬		૭	૯	૩		૮
				૪		૬		
૮		૨		૬	૧		૭	૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ખાંસી, દમ, શ્વાસ

અઘેડો, અપામાર્ગના છોડ બાળી તેની રાખ પાણીમાં હલાવી, કપડાથી ગાળીને મેળવેલું દ્રાવણ થાળીમાં ઢાળી સૂકવી મેળવેલા ક્ષારને અપામાર્ગ ક્ષાર કહે છે. એક ચના પૂર ક્ષાર મધ સાથે લેવાથી દમ મટશે.

શબ્દગુંફન - ૭૨૩૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. ધનિક, પૈસાદાર (૫)
૫. કુદરતી બરફ (૨)
૬. મનની ઇચ્છા (૫)
૯. પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
૧૨. ભારજા, પત્ની (૩)
૧૩. ખોબો (૨)
૧૪. ગુનેગાર (૪)
૧૬. મનનું વલણ (૩)
૧૮. પાણી, જળ (૨)
૨૦. ધૂન, મસ્તી (૨)
૨૧. પડતી, હાર (૩)
૨૩. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૨૬. કસબ, હુન્નર (૨)
૨૭. કંકણ, કડું (૩)
૨૮. જામગરી, દીવેટ (૩)
30. એક જાતનું કાપડ (૨)
૩૧. આકાશ (૨)
33. વિનાનું (૩)
૩૪. લક્ષ્મી, શોભા (૧)
૩૫. મૃત્યુના દેવ (૨)

ઊભી ચાવી

૧. ભોળું, ઉદાર જીવનું (૨)
૨. શોધ, તપાસ (3)
3. શ્વાસ (૨)
૪. પિતાના ભાઈ (૨)
૫. મેંદી (૨)
૭. ગગન, આભ (૨)
૮. ભમરો, મધમાખ (૩)
૯. અદબ, વિવેક, હદ (૩)
૧૦. કબૂતર, હોલો (૩)
૧૧. વાવાઝોડું (૨)
૧૪. દુશ્મન (૨)
૧૫. બહાદુર, વીર પુરુષ (૩)
૧૭. આંખ (૩)
૧૮. રંગ, વર્ણ (૨)
૧૯. સોનું (૨)
૨૦. ગાયનના ઠોક નું માપ (૨)
૨૧. નાસી છૂટવું તે (૪)
૨૨. જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
૨૪. બનાવટી (૩)
૨૫. શિખામણ (૨)
૨૬. ...હો ના હો (૨)
૨૭. જંગલ (૨)
૨૮. જાનવર, ઢોર (૨)
૨૯. મિજાજ, આવેશ (૨)
30. ફત્તહ, વિજય (૨)
૩૨. ડર (૨)



આજનું પંચાંગ

તા. 09/07/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નીજ જેઠ
તિથિઃ વદ: નોમ: 10:39 પછી દસમ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 18
યોગ : સુકર્મા **કરણઃ** વણિજ
નક્ષત્ર : અશ્વિની : 14:57
દિવસ : મિશ્ર (**રાશિ :** મેષ: અ.લ.ઇ.)
સુરતમાં સૂર્યોદય : 06:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
નવકારસી : 06:53
પારસી વર્ષ : 1395 બહમન માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ: 1448 મોહરમ માસનો 23મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાંઃ અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુકાળ: બપોરે 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): શુભ સમાચાર મળે. નોકરીમાં પ્રગતિ થાય. સમાજમાં ક્રિએટીવ હકારાત્મક પ્રવૃત્તિથી નોકરીમાં પ્રભાવ વધશે.

વૃષભ (બ,વ,ઉ,): કાયદાકીય મદદ મળે. પ્રવાસ-યાત્રાના કામમાં હકારાત્મક ગતિ આવે. ધર્મ-કર્મ દેવ દર્શન થાય.

મિથુન (ક,છ,ઘ,): નવા રોકાણ હકારાત્મક રહે. અટકેલા નાણા છૂટા થાય. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં સાથ મળશે.

કર્ક (ડ,હ,): રોજગારી વધે. કોઇ પણ વિવાદમાં પડવું નહી. સંપતિ ખરીદ વેચાણના કામ થઇ શકે છે. શુભ સમાચાર મળે.

સિંહ (મ,ટ,): જીવન સાથીનો સાથ મળે. રાજ્ય તરફ કે સરકારનો સહયોગ મળે. કાયદાકીય બાબતે પ્રગતિ થાય. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): સરકારી કામ હકારાત્મક રહે. વડીલોની મદદ સામાજિક કામમાં મળે. આવક વધારવાની યોજના પ્રગતિ.

તુલા (ર,ત,): પારીવારિક વિવાદમાં મદદ મળે. કોર્ટ કચેરીમાં કામ થાય. રોજથી આવક વધે. નવા કામ મળે.

વૃશ્ચિક (ન,ય,): ખાવા-પીવા બાબતે સાવધાની રાખવી. હરીફો અને વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં પ્રગતિ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): જીવન સાથીની મદદ સામાજીક કામમાં મળે. હરીફોમાં સાવધાન રાખવી. પરીક્ષામાં અનુકૂળતા રહે.

મકર (ખ,જ,): મહેમાનોના આગમથી દોડ-ધામ વધશે. નોકરી-ધંધામાં પ્રગતિજનક સમાચાર મળે. નવા ઘરની યોજના બને.

કુંભ (ગ,સ,શ,ષ,): મિડીયા અને ઓનલાઇનને લગતાં કામ પાર પડે. અટકેલા કામમાં ગતિ આવે. શુભ સમાચાર મળે.

મીન (દ,ચ,ઝ,થ,): બૌધ્ધિક કામમાં સફળતા મળે. ઉઘરાણી આવે. પારિવારીક ધંધામાં આવક વધે. વારસાના કામ થાય.

કોઈ પણ સાલમાં 09 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહે. નોકરી-ધંધામાં નવા ફેરફાર જવાબદારી ટેકનોલોજી અને નવી નીતિઓ પ્રમાણે કામથી બોજ વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં છેતરાઇ જવાથી સાવધાન રહેવું. નવા ઘર વાહત, મકાન બાબતે મધ્યવર્ષ અનુકૂળ છે. વિદેશના કામમાં વિલંબ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો વધશે. મિત્રો વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ-ગુરુવારે 09,18,27 તારીખે નવા કામ કરવા. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર 8,17,26 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતા રહેવું.